# Telephone conversation between Prime Minister and the President of Russian Federation

July 02, 2020

## ભારત અને રશિયન ફેડરેશનનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

જુલાઈ 02, 2020

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રશિયન ફેડરેશનનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી.

વડાપ્રધાને દ્વિતિય વિશ્વ યુદ્ધમાં જીતની 75મી વર્ષગાંઠની ઉજવણીની સફળતા પર, અને રશિયામાં સંવિધાનિક સુધારાઓ પર સફળતાપૂર્વક મતદાન પૂર્ણ કરવા માટે પણ રાષ્ટ્રપતિ પુતિનને અભિનંદન પાઠવ્યા હતા.

વડાપ્રધાને 24 જુન 2020 નાં રોજ મોસ્કોમાં યોજાયેલી સૈન્ય પરેડમાં એક ભારતીય ટુકડીની સહભાગીતાને ભારત અને રશિયાનાં લોકો વચ્ચેની ચિરસ્થાયી મિત્રતાનાં ચિહ્ન તરીકે યાદ કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 વૈશ્વિક મહામારીનાં નકારાત્મક પરિણામો દૂર કરવા બન્ને દેશો દ્વારા હાથ ધરવામાં આવેલા અસરકારક પગલાઓની નોંધ લીધી હતી અને કોવિડ પછીનાં વિશ્વનાં પડકારો સંયુક્ત રીતે સંબોધવા માટે ભારત-રશિયાનાં નજીકનાં સંબંધોનાં મહત્વ પર સંમત થયા હતા.

તેઓ આ વર્ષે અંતમા ભારતમાં યોજાનાર વાર્ષિક દ્વિપક્ષીય શિખર સંમેલનને લઈને દ્વિપક્ષીય સંપર્કો અને પરામર્શની ગતિ જાળવી રાખવા સંમત થયા હતા. વડાપ્રધાને દ્વિપક્ષીય શિખર સંમેલન માટે ભારતમાં રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કરવા માટે પોતાની ઉત્સુકતા વ્યક્ત કરી.

રાષ્ટ્રપતિ પુતિને ફોન કૉલ માટે વડાપ્રધાનનો આભાર માન્યો હતો અને તમામ ક્ષેત્રોમાં બન્ને દેશો વચ્ચે વિશેષ અને વિશેષાધિકાર સંપન્ન વ્યૂહાત્મક ભાગીદારી વધારે મજબૂત બનાવવાની પોતાની કટિબદ્ધતાનું ફરીથી ઉચ્ચારણ કર્યું.

**નવી દિલ્હી**
**જુલાઈ 02, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.